Saarth E-Journal

Saarth E-Journal of Research

E-mail: sarthejournal@gmail.com
www.sarthejournal.com

ISSN NO: 2395-339X | Impact Factor: 6.89
Peer Reviewed | Quarterly
Vol.4, Issue.1 No.20 | Jan. to March - 2019

# ગુજરાતી સાહિત્યમાં નારી અને નારીવાદનું વિહંગાવલોકન

ડો. મુકેશ બી. ચૌહાણ

નર- નારી' શબ્દ જોઇએ તો 'નર-પુ (સં) પુરુષવાચક પ્રાણી (૨) મનુષ્ય' અને 'નારી- સ્ત્રી' , નારી,સ્ત્રી' એવા થાય છે. પણ નર-નારી એ એકબીજા વિના અધૂરાં છે. સ્ત્રી-પુરુષનું અદ્વૈત એ એમની પૂર્ણતા છે. ત્યાં નવા જીવનનો ઉદભવ થાય છે. તેથી બંને એક છે, હોવાં જોઇએ. પછી ઘરમાં શિયાળ સીમ ભણી અને કૂતરું ગામ ભણી ખેંચે તો એ જીવતરનો કોઇ અર્થ નથી. તુલસીદાસે કહ્યું છે કે **'જીવ વિના દેહ, પાણી વિના નદી, એમ પુરુષ વિના સ્ત્રીની કલ્પના શક્ય નથી.' છતાંય જો એ બંનેવચ્ચે ગેરસમજની દીવાલ ઊભી થાય તો એનું પરિણામ હંમેશા ખરાબ જ આવતું હોય છે...૧**

હજારીપ્રસાદ દ્વિવેદી કહે છે **'પુરુષ** સ્ત્રીને શક્તિ સમજીને પૂર્ણ બની જાય છે, પણ સ્ત્રી સ્ત્રીની શક્તિ સમજીને અધૂરી રહી જાય છે' એ પણ પુરુષ સમજીને સ્વીકાર થાય તો ઘણા પ્રશ્નો હલ થઇ જાય. લક્ષ્મીનારાયણે કહ્યું છે કે, 'સ્ત્રી બધી જ અવસ્થામાં બાળક છે.'....૨

આટલી સમજ એકબીજાને થાય તો કેટલા પ્રશ્ન હલ થઇ જાય? એક રીતે જોઇએ તો નર નારીને એકબીજાનો આશ્રય હોય છે, એકબીજા વિના તે અધૂરાં છે. એ સમજે પણ એનું આચરણ?

યશપાલે તો કહ્યું છે કે, 'નારીના જીવનની સાર્થકતા માટે પુરુષનો આશ્રય જરૂરી છે, અને નારી પુરુષનો આશ્રય છે' ...૩

એમ એકબીજા વિના ચાલી શકવાનું નથી.

સાચા અર્થમાં તો નર- નારીના ભેદ ક્યારેક વૈમનસ્ય પેદા કરે છે. પણ સ્વામી વિવેકાનંદ કહ્યું છે કે, 'અમે નર-નારી છીએ, આપણે એવું ન વિચારીએ પણ માનીએ કે અમે માનવ છીએ'...૪

તો કેવી શાંતિ પથરાય? તેથી તો પુરુષના સરેક કાર્યમાં સ્ત્રીએ સાથ સહકાર આપીને, એકબીજાથી જુદા6 નથી એ રીતે જીવવું જોઇએ. જો એ રીતે જ કાર્ય થાય તો જીવન સુગંધમય બની રહે છે.

રવિન્દ્રનાથ ટાગોરે કહું છે કે **'પુરુષ કાર્યોમાં નારી સ્વભાવના અનિર્વચનીય માધુર્યનો સદા યોગ રહ્યો છે.'**...૫

વૈશ્વિક સાહિત્યમાં નારીવાદને સમજવાની મથામણ કરીએ ત્યારે એટલું સમજાય છે કે, એક તો તેમાં વર્ષોથી દમિત અને પોતાપણું ખોઇ બેઠેલાં સ્ત્રીપણાને ઢંઢોળવાનો પ્રયાસ છે, અને બીજું કે તેમાં પુરુષસત્તાક

સમાજવ્યવસ્થા પ્રત્યે તિરસ્કાર છે. પશ્ચિમના સમાજમાં અને સાહિત્યમાં આ વાદે અનેક નવા વાદોને જન્મ આપ્યો છે. જેમાં Sexism, Lesbian feminism, liberalism, individualist feminism, racial feminism આદિ વાદોના કારણે તે ધીરે ધીરે નારીસ્વાતંત્ર્યના બદલે નારી સ્વાછંદ્ય તરફ ઘસડાઇ રહ્યો છે. "નારીવાદની વિચારધારામાં ઇંગ્લીશ ફેમિનીઝમ, કેનેડિયન ફેમિનીઝમ, આફ્રિકન, ઓસ્ટ્રેલીયન અને ન્યુ મીલેંડ ફેમિનીઝમ જેવા દેશાનુસારી પેટાવલણો પણ ડો. ચમન નાહલ જેવા આ વિષયના તજજ્ઞોએ તારવ્યાં છે અને અલબત્ત, માર્કસીસ્ટ ફેમિનીઝમ પણ છે."..૬

આ વાદોએ ભારતીય સમાજમાં પણ કેટલીક અચિંતનીય પરિવર્તનો આણ્યાં છે.નારી સંવેદનને આલેખાતું સાહિત્ય તો આપણે ત્યાં આરંભથીજ લખાતું આવ્યું છે પરંતુ વૈશ્વિક સ્તર પર આંદોલિત થયેલા આ નારીવાદી વલણની અસર ગુજરાતી સાહિત્ય પર લગભગ સાતમા દાયકાથી જોવા મળે છે. નારીવાદી વલણો ગુજરાતી સાહિત્યના કેન્દ્રમાં આવે છે. જેના તાંતણા દેશ દુનિયાની તમામ સીમાઓને સ્પર્શે છે. વાર્તા, નવલકથા, નાટક કે કવિતા જેવા સ્વરૂપોમાં વિશેષભાવે જોવા મળે છે. જેમાં નારીના સંવેદનનો, તેના પુરૂષ સમોવડા અસ્તિત્વનો કે તેને થતાં અન્યાયની લડતનો પડઘો પ્રબળ રીતે ઝીલાયો છે.

નારીવાદની સભાનતા સાથે નહી પણ નારીસંવેદન તરીકે તો આપણે ત્યાં પુરૂષ લેખકોની સાથે સાથે હીરાબેન પાઠક, વિનોદીની નિલકંઠ, લીલાવતી મુનશી, લાભુબેન મહેતા વગેરે સ્ત્રી લેખિકાઓ પાસેથી વાર્તાઓ મળે છે. પરંતુ ગુજરાતી સાહિત્યમાં આધુનિકકાળના મધ્યાહ્નથી થોડી સભાનતા સાથે નારીવાદી વલણ જોવા મળે છે. જેમાં મુખ્યત્વે કુન્દનિકા કાપડિયા, સરોજ પાઠક, ધીરુબેન પટેલ, વર્ષા અડાલજા, ઇલા આરબ મહેતા, બિંદુ ભટ્ટ, હિમાંશી શેલત જેવા સર્જકો પાસેથી નારીવાદી વિચારધારાનું મંથન અને તેમાંથી નિપજતી સામાજિક સાંકૃતિક પરિવેશની છબી આલેખાતી જોવા મળે છે. નારીનું આંતરમન અને ચૈતસિક વ્યાપારો અહી સાર્જનોમાં વ્યક્ત થાય છે. અહીં આલેખાયેલ સાહિત્યમાં ક્યાંક નારીને થતાં સામાજિક અન્યાયની વાત છે તો ક્યાંક તેના પર થતાં અત્યાચારની વાત છે, ક્યાંક તેના આંતરિક સંવેદનાની વાત છે તો ક્યાંક તેની લાગણી-માગણીની વાત છે. સમગ્રતયા જોતાં નારીવાદી ચેતનાનો આવિષ્કાર તેમાં ઝીલાયો છે.

જેમ સર્જક ચેતના આ વલણનો આવિષ્કાર ઝીલે છે તેમ નારીવાદના અભ્યાસીઓએ પણ પોતાના વિચારો ખુબ ઉંડાણપૂર્વક વ્યક્ત કર્યાં છે. અભ્યાસીઓએ ભારતીય સાહિત્ય અને વૈશ્વિક સાહિત્યના સંદર્ભને સાથે રાખીને નારીવાદ વિશે પોતાનું સુક્ષ્મ નિરીક્ષણ કર્યું છે જે બતાવે છે કે સર્જન અને વિવેચન એમ બંન્ને ક્ષેત્રે નારીકેન્દ્રી ચર્ચાઓ છેલ્લા ઘણા સમયથી થતી આવી છે.

ગુજરાતી સર્જનાત્મક સાહિત્યમાં નારી અભિગમને રજુ કરતી કૃતિઓમાં નારી દર્શન વૈવિધ્યયુક્ત આલેખાયું છે..

ગુજરાતી વાર્તા સાહિત્યના આરંભે ક.મા.મુન્શી 'એક પત્ર' માં પતિના વાત્સલ્યને ઝંખતી નારી અને તેની થતી અવહેલના જેવી અન્યાયી પરિસ્થિતિનું આલેખન કર્યું છે. સામે પક્ષે તત્કાલીન સમયે સ્ત્રી જાગૃતિને કે નારીના ચૈતસિક આંદોલનોને મુન્શીએ કલાત્મક રીતે અલેખ્યાં છે. પરણિત નાયિકાની પોતાના સસુરપક્ષથી, તેમાયે ખાસ કરીને પતિ તરફથી થતા અત્યાચાર અને અવહેલનાની વાત છે. 'મારી સોળ વર્ષની જિંદગીમાં બહુ બહુ દુ:ખ પડ્યું. કોણે પાડ્યું તે પ્રભુ જાણે, પણ એક વખત તો મારે કહેવું પડશે,- શરમ છોડી, ડોસાઓની મર્યાદા મૂકી કહીશ કે જો એ દુ:ખને માટે કોઇ જોખમદાર હોય, જો કોઇ એ દુ:ખ મટાડી શકત તો તે મારા સ્વામીનાથ – મારા દેવ – તમે હતા, પણ તમે મારો હાથ ઝાલ્યો, દુનિયાએ તમને કોમળ બિનાનુભવી બાળા સોંપી; પણ તમે તેનો વિચાર પણ ન કર્યો – મારી આ દશા થઇ – મારા પ્રાણ જવા, મારું ખૂન થવા વખત આવ્યો.' વાર્તાના પ્રારંભે નાયિકામુખે મૂકાયેલ આ વેદના-સંવેદનાનો તંતુ વાર્તાના અંતે મૂકાયેલ વાત સાથે સધાય છે. 'આ ભવે છૂટી-પ્રભુ ફરી આપણો

સાથ ન કરાવે ! 'સાસુજીને કહેજો, કે ફરી કોઇ ભણેલી સ્ત્રી ન લઇ આવે !' અહી સ્ત્રીચેતનાનો ખુલ્લો રણકાર સંભળાય છે.

ક્યારેક સ્ત્રી જ સ્ત્રીની શોષક બનતી હોય છે મેઘાણીની વાર્તા 'લાડકો રંડાપો' જોઇ શકીએ છીએ કે રૂઢિગત માળખાને કારણે એક સ્ત્રી બીજી સ્ત્રીની વ્યથાને નથી સંવેદી શકતી. તો વળી જયંતિ દલાલ 'સ્ત્રીનગર'ના માધ્યમથી નર-નારીના સહિત્વની વાત લઇને આવે છે જેમાં કોઇ આદોલનની વાત નથી પણ સામાજિક વલણોના બદલાવની વાત જોવા મળે છે.

સાતમા દાયકાથીતો નારીવાદી વિચારસરણીએ આક્રમકતા ધારણ કરી લીધી હતી. ચોતરફ તે એક આંદોલનના સ્વરૂપે ફેલાઇ ચૂક્યું હતુ. અને નારીને કેન્દ્રમાં રાખી તેની સંવેદનાઓ જરૂરિયાતો, ન્યાય-અન્યાય, શોષણ વગેરે વિષયો વાર્તા રચનાની પ્રથમ માંગ રહેવા લાગી સાથે સાથે વિવેચન પણ તેમાં જોડાય છે જેમાં નારીવાદમાં રહેલા જમા પાસાને વિવેચકો જૂદા તારવી કાઢે છે. કુન્દનિકા કાપડિયા, ધીરુબેન પટેલ, ,સરોજ પાઠક, વર્ષા અડાલજા,ઈલા આરબ મહેતા, હિમાંશી શેલત, બિંદુ ભટ્ટ તેમજ અન્ય સ્ત્રી વાર્તાકારો નારીવાદી વલણોની પ્રભાવક્તા હેઠળ સર્જન કરે છે, તો સાથો સાથ પુરૂષ લેખકો પણ આ ગાળામાં નારીની સંવેદનાઓને ઝીલી શક્યા છે અને તેની વ્યથા-કથાને આલેખી છે. જેમાં જયંતિ દલાલ, હરીશ નાગ્રેચા, નવનીત જાની, કિરીટ દૂધાત, ધીરેન્દ્ર મહેતા, વીનેશ અંતાણી, રમેશ દવે વગેરે ઘણા સર્જકો પાસેથી કલાત્મક કહી શકાય એવી વાર્તાઓ મળી આવે છે.
અંતે ટૂકમાં કહી શકાય કે નારી આંદોલન સમગ્ર વિશ્વમાં જે રીતે ફેલાયું તેમાં ગુજારાતી સાહિત્ય પણ રંગાયેલુ જોઇ શકાય છે. અલબત્ત તેના સારા ફળદાયી પરિણામો પણ જોવા મળ્યા છે. ઉદભવેલા વલણ માટે દર્શના ધોળકિયાનું તારણ સાથે સહમત થઇએ કે 'સમય બદલાતાં સ્ત્રીના પ્રશ્નો પ્રમાણમાં હળવા થયા ત્યારે પણ એની કેટલીક સંવેદનાઓને તો આગવી રીતે જ જોવાની આવે છે. કેમકે જગતભરની સ્ત્રી – એ ગમે તેટલી પુરુષ સમોવડી હોય તોપણ સ્ત્રી તરીકે જ પ્રગટથતી હોય છે ને તેની પાછળ તેનું શારીરિક બંધારણ કામ કરતું હોય છે. આખરે તો શરીર ને મનને અવિનાભાવી સંબંધ છે એટલે એનો પ્રભાવ સ્ત્રી પર પડવાનો જ છે. સ્ત્રી-પુરુષના શારીરિક સંબંધમાં પણ પુરુષ, સ્ત્રીને કશુંક આપે છે ને સ્ત્રી કશુંક લે છે.આપ્યા પછી પુરુષ કટ ઑફ થઇ જાય છે. ને સ્ત્રી સૃષ્ટિ સાથે જોડાય છે. આ જોડાણ સ્ત્રીની ભૂમિકાને સમજવા માટેનું અગત્યનું પરિબળ બને છે.'

આમ, આજે જ્યારે આધુનિકયુગ કે તેના ખયાલો સાથે જીવવા મથતા આજના સમાજે વિકાસની જબ્બર કહી શકાય તેવી હરણફાળ તો ભરી છે. પરંતુ સાથે સાથે એ બાબત પણ ચિંતાજનક છે કે તેની અસર તળે માનાવજાત ધીમે ધીમે સંવેદનહીન થતી જાય છે. ફલસ્વરૂપે આજે દરેકને પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા મથામણ કરવી પડે છે. પછી તે સ્ત્રી હોય કે પુરૂષ. આજે સાવ છેવાડાના વિસ્તારોથી લઇને શહેર સુધી વિસ્તરેલા આ આંદોલને સમાજને નવેસરથી વિચારવા ફરજ પાડી છે. રાજકીય,સામાજિક અને સાંસ્કૃતિક એમ ત્રણેય પરિબળોએ બદલાતાં મૂલ્યોને, ખયાલોને સ્વિકૃત કર્યાં છે. અલબત્ત સદીઓથી ઘર કરી ગયેલા જડ નિયમો કે રૂઢીઓ એમ એક ઝાટકે તો દુર નહી જ થાય તેના માટે સમાજે જ પ્રયત્નો કરવા પડશે.

**સંદર્ભો**


1. **ભગવદગોમંડળ, મહારાજા ભગવદસિંહજી, ઓનલાઇન, નારી**
2. **નારી કી છાવ,** હજારીપ્રસાદ દ્વિવૈદી,પૃ. ૪૩
3. **શબ્દ્સર, ડો. કિશોરસિંહ સોલંકી, પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ, પૃ.** ૩૩
4. **એજન, પૃ.** ૩૩
5. **એજન, પૃ.** ૩૩
6. http://www.sahityasetu.co.in/issue12/vibhadave.html/ભારતીય સમાજમાં સ્ત્રીત્વનું વૈવિધ્ય